GJTP050013122025

**ઉચ્છલનાં મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ**
**અને જયુ.મેજી.ફ.ક સાહેબશ્રીની કોર્ટ,મુ. ઉચ્છલ.**

**ફોજદારી કેસ નંબર– 1067/2025**
**આંક :–** 08

**ફરિયાદી** શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી –** સુનિલભાઈ રવિદાસભાઈ કાથુડ
રહે. લીંબાસોટી ગામ, કાથુડ ફળીયું, તા. ઉચ્છલ, જી. તાપી.

**ગુન્હો :–** **એમ.વી.એકટની કલમ–૧૮૫ તથા પ્રોહી એકટની કલમ–૬૬(૧)બી મુજબ**

**–:ઠરાવ :–**

(૧) ફરીયાદ પક્ષે સબંધિત પોલીસ સ્ટેશન તરફથી તપાસના અંતે આરોપી વિરૂદ્ધ એમ. વી. એકટની કલમ–૧૮૫ તથા પ્રોહી એકટની કલમ–૬૬(૧)બી મુજબના ગુનામાં કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ આરોપીએ **આંક–૦૭** થી સ્વેચ્છાએ ગુના કબુલાત પુરસીસ રજુ કરતાં આરોપીની ગુના કબુલાત નોંધી આરોપીની **આંક–૦૬** પ્લી રેકર્ડ કરવામાં આવતાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલાને જાહેર કરેલ છે.

(૩) આરોપીની સ્વેચ્છાપુર્વકની ગુના કબુલાત તથા રજુ પોલીસ પેપર્સને ધ્યાને લેતાં, આરોપીએ સદરહું ગુનો કરેલાને ઠરાવવામાં આવે છે. આરોપીની આર્થિક, સામાજીક પરિસ્થિતિ જોતાં, આરોપીએ સામે પ્રથમદર્શનીય ગુનો હોય, આરોપી દયાની માંગણી કરતા હોય, આરોપીની દયાની રજુઆતને ધ્યાને લઈ આરોપીને આ ગુનામાં તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: <u>હુકમ</u> :-**

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૭૫ અન્વયે આરોપીને એમ.વી.એકટની કલમ–૧૮૫ તથા પ્રોહી એકટની કલમ–૬૬(૧) બી મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી આરોપી ને રૂ. **૬૦૦/– (રૂપિયા છસો)** પુરાનો દંડની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી ઉપરોકત દંડની રકમ ન ભરે તો દિન– ૨(બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ વાહન અંગે અગાઉ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવેલ છે અને તેમાં મુકેલ શરતો આ હુકમથી રદ ગણવી. જો આ કામે વચગાળાનો હુકમ કરવામાં ના આવે હોય તો ત.ક. શ્રીએ સદર મુદ્દામાલ વાહનની ખરાઇ કરી મુળ માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૪ મી માર્ચ, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

મુ. ઉચ્છલ.
તાઃ ૧૪/૦૩/૨૦૨૬

(ધાર્મિકઅશોકભાઈગોહેલ)
જયુડિશિયલ મેજિસ્ટ્રેટ, ફ.ક.,
ઉચ્છલ, જી. તાપી.
કોડ નંબર–જીજે.૦૧૭૧૪

JPTrivedi